पुणा International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VIII

# GUJARATI


# Specimen Copy

# Year- 2020-21

# ગુજરાતી

## ધોરણ 6

## (પ્રથમ સત્ર)



# 14.સારા અક્ષર

## શબ્દાર્થ

1) ચલને = ચાલને
2) ભિલ્લું = રમતમાં સાથીદાર
3) બટકણી = સહેલાઇથી તૂટી જાય તેવી
4) બરુ = એક પોચી સળીવાળો છોડ
5) તીરછી = ત્રાંસી
6) માથાકૂટ = વ્યર્થ મહેનત
7) ચાટલું = દર્પણ
8) અધમૂઆં = અડધાં મરેલા જેવાં

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) સાહેબ બધાને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હર્દિક શું માને છે?
જ) સાહેબ બધાને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હર્દિક માને છે કે તેની નોટનાં પાનાં લીસા અને સરસ છે.
2) 'ચારજો' ને બદલે ક્યો શબ્દ વંચાયો?
જ) 'ચારજો' ને બદલે 'મારજો' શબ્દ વંચાયો.
3) સોનલના પપ્પા તેને કેવી નોટ લાવી આપે છે?
જ) સોનલના પપ્પા તેને સસ્તી નોટ લાવી આપે છે.
4) અશરફ કલમને શેંમા બોળવાનું કહે છે?
જ) અશરફ કલમને શાહીના ખડિયામાં બોળવાનું કહે છે.
5) ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે?
જ) ગાંધીજીએ અક્ષરો વિશે કહ્યું છે કે ' ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે'.

**નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.**

1) સોનલનાં દાદીમાએ અક્ષર સુધારવા માટે શી સલાહ આપી?

જ) સોનલનાં દાદીમાએ અક્ષર સુધારવા માટે સલાહ આપી કે સવારે વહેલા ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવા અને હાથ ઠરી જાય એટલે એવા હાથે ધીમે ધીમે સરસ રીતે લખવું.

2) સોનલનાં અક્ષર સારા આવે છે તેનું ક્યું કારણ રાધા આપે છે?

જ) સોનલના અક્ષર સારા આવે છે તેનું કારણ આપતા રાધા કહે છે કે, સોનલ અણીવાળી પેન્સિલથી લખે છે એટલે એના અક્ષર સારા આવે છે.

3) ધવલે કલમના બદલે બોલપેનથી લખવાના ક્યા ફાયદા બતાવ્યા?

જ) ધવલે કલમના બદલે બોલપેનથી લખવાના આ ફાયદા બતાવ્યા : પેન્સિલની માફક અણી છોલવાની ચિંતા નહિ. ઇન્ડિપેનની માફક શાહી ભરવાની કડાકૂટ નહિ. હાથ ગંદા થવાનો ડર નહિ અને રીફિલ ખલાસ થાય એટલે બદલી નાખવાની.

<u>વ્યાકરણ</u>

**નીચેના શબ્દોના સમાનાર્થી અર્થ લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મસ્ત | = | સરસ | 2) | કાયમ | = | હંમેશા |
| 3) | ગરબડ | = | ગોટાળો | 4) | બહુ | = | ખૂબ |
| 5) | રીત | = | ઢબ | 6) | શરમ | = | સંકોચ |

**નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.**

| | | | |
|---|---|---|---|
| 1) | સહેલાઇથી તૂટી જાય તેવું | - | બટકણું |
| 2) | બોલપેનમાં મૂકવાની શાહીવાળી પાતળી નળી | - | રીફિલ |
| 3) | સ્વચ્છ સુંદર લખાણ | - | સુલેખન |
| 4) | શાહી રાખવાનું પાત્ર | - | ખડિયો |

# 16 માતૃહૃદય

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | જટા | = | માથાના વધારેલા વાળ |
| 2) | સદીઓ જૂના | = | ઘણા પુરાણા |
| 3) | માલધારી | = | ઢોરઉછેર કરતી જાતિનો માણસ |
| 4) | નેસડા | = | જંગલમાં વસતા માલધારીઓના ઝૂંપડાનો સમૂહ |
| 5) | કાળ | = | મોત |
| 6) | સાવજ | = | સિંહ |
| 7) | આજીવન | = | જીવનભર |
| 8) | કરગઠિયાં | = | બળતણ માટે નાના લાકડા |
| 9) | નવજાત શિશું | = | તરતનું જન્મેલું બાળક |
| 10) | બલિહારી | = | કરામત |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ગિરનાર કોની જેમ બેઠો છે?

જ) ગિરનાર કોઇ વૈરાગી સાધુની જેમ બેઠો છે.

2) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ શું કરતાં?

જ) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ ભેંસો અને બીજાં ઢોરોને લઇને ચરાવવા ઉપડી જતાં.

3) બાળકને નદીની ભેખડમાં ગલૂડિયા જેવું શું દેખાયું?

જ) બાળકને નદીની ભેખડમાં ગલૂડિયા જેવું સિંહનું બચ્ચું દેખાયું.

4) સિંહણનાં બચ્ચાને જોઇને બાળકે શું કર્યું?

જ) સિંહણના બચ્ચાને જોઇને બાળકે તેને વહાલપૂર્વક તેડી લીધું અને તે બચ્ચા પર હાથ ફેરવવા લાગ્યો..

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ઉં.....ઉં..... અવાજ કોણ કરતું હતું? શા માટે?

જ) ઉં.....ઉં..... અવાજ સિંહબાળ કરતું હતું. તે તાજું જન્મેલું હતું, તેથી તેના નાના પગ વડે ભેખડ પરથી ઊતરવા પ્રયત્ન કરતું હતું, પણ ઊતરી શકતુ ન હતું. તેથી અવાજ કરતું હતું.

2) માતાને ક્યું દ્રશ્ય જોઇને ધરતી ગોળ ગોળ ફરતી લાગી?

જ) એક બાજું માલધારી સ્ત્રીનું શિશું સિંહબાળને રમાડી રહ્યું હતું અને બીજી બાજું સિંહણ એના બચ્ચાને જોઇ એની નજીક આવી રહી હતી. માલધારી શિશુની માતાએ આ ભયાનક દ્રશ્ય જોયુ અને તેને ધરતી ગોળ ગોળ ફરતી લાગી.

3) સિંહણે હુમલો કેમ ન કર્યો?

જ) એક બાજુ માલધારી સ્ત્રી અને બીજી બાજુ સિંહણ – બંને માતાઓ હતી. એમની વચ્ચે તેમનાં શિશુઓ હતા. ઘડીભર બંને માતાઓએ આંખ મિલાવી. માલધારી સ્ત્રીને પોતાના બાળકને લઇને પોતાના નેસમાં જવું હતું. સિંહણને પોતાના શિશુને લઇને બોડમાં જવું હતું. શિશુ પ્રત્યેની મમતા અને પ્રેમમાં તેમની વચ્ચે કશો જ ભેદ ન હતો તેથી સિંહણે હુમલો ન કર્યો.

<u>વ્યાકરણ</u>

## નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | જંગલ | = | વન | 2) | ડર | = | ભય |
| 3) | શિશુ | = | બાળક | 4) | નજર | = | દ્રષ્ટિ |
| 5) | જુદું | = | અલગ | 6) | ગોદ | = | ખોળો |

## નીચેના વિરુધ્ધાર્થી શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| 1) | મુશ્કેલ | x | સરળ |
| 2) | સૂંકા | x | લીલાં |
| 3) | નજીક | x | દૂર |
| 4) | જુદાં | x | ભેગા |
| 5) | પ્રેમ | x | નફરત |

## નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | જિંદગીના અંત સુધી | = | આજીવન |
| 2) | એક જ નામથી ઓળખાતો લોકસમૂહ | = | કોમ |
| 3) | માલધારીઓએ જંગલમાં બાંધેલા ઝૂંપડાનું ગામ | = | નેસ |
| 4) | ઢોરઉછેર કરતી જાતિનો માણસ | = | માલધારી |
| 3) | સિંહની ગર્જના | = | ત્રાડ |

## નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

1) કાળના મુખમાં રહેવું = સતત મૃત્યુંના ડરમાં રહેવું

વાક્ય : માલધારીઓ જંગલમાં કાળનાં મુખમાં જ રહે છે.

2) પ્રાગડ ફૂટવું = સવાર થવું

વાક્ય : વિદ્યાર્થીઓએ પ્રાગડ ફૂટતા પહેલા ઊઠી જવું જોઇએ.

3) નજર પડવી = ધ્યાન જવું

વાક્ય : દિનેશની નવી ઘડિયાળ પર બધાની નજર પડી.

4) રસ પડવો = મજા પડવી

વાક્ય : બાળકોને ગાર્ડનમાં મજા પડી ગઇ.

5) ચોંકી ઊઠવું = ચમકી જવું

વાક્ય : વર્ગમાં આચાર્ય આવતા જ વિદ્યાર્થીઓ ચોંકી ગયા .